૫૮

સચિવાલય સંવર્ગની ઓફીસ આસિસ્ટન્ટની વર્ષ ૨૦૧૪-૧૫માં ઉભી કરવામાં આવેલ ૦૮ (આઠ) હંગામી જગાઓને કાયમી જગ્યામાં રૂપાંતરીત કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: મકમ/૧૪૨૦૧૪/૩૫૯/ઇ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૦૩/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૦૭/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૪/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૧૯/૪૮૨૭૦૬/ઝ.૧, તા.૦૧/૧૦/૨૦૧૯

આમુખ:

વંચાણે લીધેલ ક્રમ (૧) હેઠળના વિભાગના તા.૧૫/૧૨/૨૦૧૮ ના ઠરાવથી સચિવાલય સંવર્ગની વર્ષ ૨૦૧૪-૧૫માં નવી ઉભી કરવામાં આવેલ ઓફીસ આસિસ્ટન્ટની ૦૮ (આઠ) જગાઓને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ત્યારબાદ વિભાગના તા.૨૧/૦૧/૨૦૧૫, તા.૨૧/૧૨/૨૦૧૫, તા.૦૨/૦૨/૨૦૧૭, તા.૦૬/૧૨/૨૦૧૭ અને તા.૧૫/૧૨/૨૦૧૮ ના સમાનાંકી ઠરાવોથી ઓફીસ આસિસ્ટન્ટની ૦૮ (આઠ) જગાઓને ચાલુ રાખવાની મુદત વખતો-વખત લંબાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૨) હેઠળના વિભાગના તા.૨૧/૦૪/૨૦૨૦ ના ઠરાવથી ઓફીસ આસિસ્ટન્ટની ૦૮ (આઠ) જગાઓની મુદત તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૩) હેઠળના નાણા વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૯ના પરિપત્રની જોગવાઇ અન્વયે ઓફીસ આસિસ્ટન્ટની ૦૮ (આઠ) હંગામી જગાઓને કાયમી જગામાં રૂપાંતરીત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, વિભાગ ખાતેની સચિવાલય સંવર્ગની ઓફીસ આસિસ્ટન્ટની વર્ષ ૨૦૧૪-૧૫માં ઉભી કરવામાં આવેલ ૦૮ (આઠ) હંગામી જગાઓને કાયમી જગામાં રૂપાંતરીત કરવાની મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૨/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. યુ. પરીખ

(એસ.યુ.પરીખ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અ.મુ.સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સંયુકત સચિવશ્રી(મહેકમ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(ખ.૧), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, નાણાં વિભાગ, ઝ.૧-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(કો.સેલ.શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી.
- રોકડ શાખા (વધારાની નકલ સાથે), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧.